અપીલ અરજી નં.૨૦૭ તા.૬–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વી.ડી.રાણા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વી.ડી.રાણાની તા.૩૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ૩/૩૬૮૦ પૂર્વે ન.ગો.કો.સ્ટોર્સ વિગેરેના પ્રમુખશ્રીના નામે એસ.એમ.સી.સેન્ટ્રલઝોનમાં આર.સી.સી.બાંધેલ મકાન ભોંયતળીયુ + ૩ માળનું વેચાણ દિવ્ય કન્સ્ટ્રકશનને કરેલ તેનો જનરલ મીંટીંગ ઠરાવ કર્યો તેની સહી સિકકાવાળી ઠરાવની નકલ મેળવવા મ.કા.૨૦૦૫ મુજબ વિ.મુદ્દા નં.(૧) થી (૧૦) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૭/૨૦૧૧–૧૨

શ્રી વી.ડી.રાણાની તા.૩૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)૩/૩૬૮૦ પૂર્વે ન.ગો.કો.સ્ટોર્સ વિગેરેના પ્રમુખશ્રીના નામે એસ.એમ.સી.સેન્ટ્રલઝોનમાં આર.સી.સી.બાંધેલ મકાન ભોંયતળીયુ + ૩ માળનું વેચાણ દિવ્ય કન્સ્ટ્રકશનને કરેલ તેનો જનરલ મીંટીંગ ઠરાવ કર્યો તેની સહી સિકકાવાળી ઠરાવની નકલ મેળવવા મ.કા.૨૦૦૫ મુજબ વિ.મુદ્દા નં.(૧) થી (૧૦) ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ/ આરટીઆઈ/ આઉટ/ ૬૯૮ તા. ૨–૮–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૬તા.૧૧–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં S.M.C પ્રથમ અપીલ પૂરતુ અન્ય સત્તામંડળને તબદીલ થયેલ મુદ્દા સિવાય કયા મુદ્દા અંગે કઈ માહિતી બાબતે શી નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા જા.મા.અ. એ કરેલ પ્રસ્તાવ મુજબ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૮૬ તા.૫–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ , અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૯૮ તા.૨–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩૦–૬–૧૧ ની અરજીથી ૩/૩૬૮૦ પૂર્વે નવાપુરા ગોલવાડ કો. ઓ. સ્ટોર્સ લી. વેચાણ બાબતેની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૬૯૮ તા.૨–૮–૧૧ થી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.(૧)૩/૩૬૮૦ પૂર્વે ન.ગો.કો.સ્ટોર્સ વિગેરેના પ્રમુખશ્રીના નામે એસ.એમ.સી.સેન્ટ્રલઝોનમાં આર.સી.સી.બાંધેલ મકાન ભોંયતળીયુ + ૩ માળનું વેચાણ દિવ્ય કન્સ્ટ્રકશનને કરેલ તેનો જનરલ મીંટીંગ ઠરાવ કર્યો તેની સહી સિકકાવાળી ઠરાવની નકલ મેળવવા મ.કા.૨૦૦૫ મુજબ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રમુખશ્રી ન.ગો.કો. સ્ટોર્સ લી. ને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૯ તા.૨૭–૬–૧૧ થી અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ ૩/૩૬૮૦ પૂર્વે ન.ગો.કો. સ્ટોર્સ વિગેરે વાળાએ દિવ્ય કન્સ્ટ્રકશનને રજીસ્ટર વેચાણથી વેચાણ આપ્યુ તે દસ્તાવેજની ઓરજીનલ કોપી પરથી આપેલ વેચાણ રજીસ્ટરની સહી સિકકાવાળી નકલો મેળવવા તથા તેની સીટી સર્વેમાંથી ઈન્ડેક્ષ નકલ આપવામાં આવે તેની પણ સહી સિકકાવાળી નકલો મેળવવા મા.કા. ૨૦૦૫ મુજબ તેમજ પેમેન્ટ રોકડુ આવ્યુ કે ચેકથી તેની તમામ માહિતીને સહી સિકકાવાળી નકલો મેળવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સીટી સર્વે સુપ્રિ. શ્રીને પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૫૦૭ તા.૨–૭–૧૧ થી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ આપણે એસએમસી સેન્ટ્રલઝોનના સરકારી જમીન મેળવવા કયા હેતુના આધારે એસએમસી સેન્ટ્રલઝોને તા.૫–૪–૦૨ વેચાણ રૂા.૬૦૩૦૦/– માં આપેલ જેનું ક્ષેત્રફળ ૨૦×૧૦ ખુલ્લો જમીનનો પ્લોટ આપણે આપણી સંસ્થાના લેટર પેડ પર અરજી તેમાં કયા હેતુસર સ્થા.સ.ઠ. નં.૨૩૩/૯૭ થી આપવામાં આવેલ તે અરજીની સહી સિકકાવાળી નકલો મેળવવા તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટાઉન પ્લાનરશ્રીને તેમજ ટાઉન પ્લાનરશ્રીને (ટાઉન પ્લાનીંગ વિભાગ) પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/આ.નં.૫૦૭ તા.૨–૭–૧૧ થી અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) નગર નિયોજક સુરતના શ્રી કચેરી પત્ર ક્રમાંક ટીપીડી/આર/૨૬૦ તા.૯–૪–૦૮ રૂા.૨૮૨૦૦/– ની નવી શરતે વેચાણ આપવા નકકી કરેલ તે પત્રનો આપણી સંસ્થા કઈ તારીખે લટર

પેડ પર જવાબ આપ્યો તે પત્રની સહી સિકકાવાળી નકલો મેળવવા તેમજ અંતિમ પત્ર યાદપત્ર–૪ ને ટીપીડી/આર/૮૦૦૬ તા.૭–૩–૦૯ માં જગ્યાના વેલ્યુએશન ફી ભરવા દિન–૩ ની મુદત આપેલ તેના રૂપિયા સંસ્થા ભરી એસ.એમ.સી. સેન્ટ્રલઝોન પાસે થી પાકા દસ્તાવેજ કયા વર્ષમાં બનાવ્યા તેની સહી સિકકાવાળી નકલ ઈન્ડેક્ષ. પહોંચ તમામ રજીસ્ટર થયેલ સહી સિકકાવાળી નકલો મેળવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સીટી સર્વે સુપ્રિ.શ્રી ને તેમજ ટાઉન પ્લાનરશ્રીને (ટાઉન પ્લાનીંગ વિભાગ) પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૦૭ તા.૨–૭–૧૧ થી અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ ન.ગો.કો. સ્ટોર્સ લી. ની કેરોસીન તેમજ સરકાર અનાજ વિતરણ સંસ્થાનો વેરો સને ૨૦૦૪ થી ૨૦૧૧ સુધીના વેરા ભર્યાની તમામ રસીદની સહી સિકકાવાળી નકલો મેળવવા તેમજ ૩/૩૬૮૦ પૂર્વની સંસ્થાની આર.સી.સી. બાંધેલી મિલ્કતની પણ સને ૨૦૦૪ થી ૨૦૧૧ સધુીના વેરા ભર્યાની રસીદોની સહી સિકકાવાળી નકલો મેળવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૩ નોંધ નં.૩૬૮૦ પૈ.પૂર્વથી નોંધાયેલ મિલ્કત ન.ગો. કો. સ્ટોર્સ લી. ના સને ૨૦૦૪ થી ૨૦૧૧ સુધીના મ્યુ. વેરા ભર્યા અંગેના કોમ્પ્યુટરાઈઝ પાર્ટી સ્ટેટસના પાના નંગ–૮ ના રૂા.૧૬/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ આપણી સંસ્થાએ વેચાણ લીધેલ જમીન પર બાંધકામ આર.સી.સી.નું ભોંયતળીયું + ૩ માળનું તે નોંધણી નં.૩/૩૬૮૦ સાથે પહેલો, બીજો તથા ત્રીજામાળ એકબીજાના જવા આવવા માટે જે ગેલેરીઓ બનાવેલ તેની એસએમસી સેન્ટ્રલઝોનના ટાઉન પ્લાનીંગ પાસેથી પ્લાન પાસ કરાવેલ ત્યારે કેમ બનાવવામાં આવેલ નથી ત્રાહિત વ્યકિતના મકાન સાથે ગેલેરીઓ જોઈન્ટ કરવાનો શું હેતુ હતો તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ રેકર્ડ ઉપલબ્ધ માહિતી આપવાની હોય છે કારણો કે અભિપ્રાય આપવાના હોતા નથી. મુદ્દા નં.૭ એસ.એમ.સી સેન્ટ્રલ ઝોનના ટાઉન પ્લાનીંગ વાળા આકારણી ખાતા તેમજ વેરા ખાતા તમામમાં આર.સી. સીનું બાંધકામ ભોંયતળીયું ૩ માળનું થયેલ તેમાં વસવાટ બતાવેલ તે મિલ્કત ૩/૩૬૮૦ પૂર્વેની કોની માલકી મિલ્કત છે તે જણાવશો ત્યાં કોણ વસવાટ કરતું હતું તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૩ નોંધ નં.૩૬૮૦ પૈકી પૂર્વેથી નોંધાયેલ મિલ્કત સુરત મહાનગરપાલિકા આકારણી દફતરે પ્રમુખશ્રી નવાપરા ગોલવાડ કો.ઓ.સ્ટોર્સ લી. સુરતના કબ્જેદાર શ્રી દિપકકુમાર નવીનચંદ્ર રાણા તથા શ્રી અજયકુમાર નવીનચંદ્ર રાણાના નામે નોંધાયેલ છે તેમજ સ્થળ ઉપર જે તે મિલ્કતમાં તેઓનો કબ્જો હોવાનું નોંધાયેલ છે. મિલ્કતનું કોમ્પ્યુટરાઈઝ પાર્ટી સ્ટેટસ રૂા.૨/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ ૩/૩૬૮૦ પૂર્વે ન.ગો.કો. સ્ટોર્સ લી. ના પ્રમુખશ્રી ના નામે બોલે છે તેને બાંધકામ કરવામાં કેટલા રૂપિયાનો ખર્ચ તે વર્ષમાં થયો તે ખર્ચના કોન્ટ્રાકટરના બીલો, સીમેન્ટો સળીયાના રેતી ,ઈંટ કપચીના તમામ બીલોની સહી સિકકાવાળી નકલો મેળવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રમુખશ્રી ન.ગો.કો.સ્ટોર્સ લી. ને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૯ તા.૨૭–૬–૧૧ થી અરજી તબદીલ કરેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ ડાયરેકટર ઓફ પ્લાનીંગના લેટર નં.ટીપીડી/આર/૨૦૦૯ ના તા.૨૫–૭–૦૮ ના લેટરનો જવાબ તેમજ કેતન એચ. પટેલ એડી.સીટી ઈજનેરનો લેટર સેન્ટ્રલઝોન/ આરટીઆઈ/ આ.નં.૭૩૪તા.૨૬–૮–૧૦ ના લેટરનો પણ તા.૨૫–૭–૦૮ નો કોઈ પણનો જવાબ આવ્યો હોય તે લેટરની સહી સિકકાવાળી નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રમુખશ્રી ન.ગો.કો. સ્ટોર્સ લી. ને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૯ તા.૨૭–૬–૧૧ થી અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ તા.૩૧–૩–૧૦ થી તા.૩૧–૪–૧૧ ના વાર્ષિક અહેવાલના ૩/૩૬૮૦ પૂર્વની જમીન વેચાણ કરી તે કયા કાયદાના આધારે વેચાણ કરી? શું તમોને એસ.એમ.સી. સુરત તેમજ રાજય સરકાર પાસેથી વેચાણ દસ્તાવેજથી જમીન મળી હતી તમો ત્યાં બે (૬ લાખ) લાખ રૂપિયાના જમીનના ભરી+ વેચાણ દસ્તાવેજની સ્ટેમ્પ ફી + વેટ + વકીલ ફી + ટાઈપ ફી તમામ મળી આ જમીન હવે રૂપિયા ૭ (સાત) લાખમાં પડવા જાય જયારે તમોએ હુકમનો એકકો હાથ ન હોય અને જે હેતુ માટે આપેલ તે હેતુ સિધ્ધ ન થાય ત્યાં સુધી જમીન વેચાણ થાય નહીં તો તમોએ કયા કાયદા આધારે વેચાણ કરી તેની તમામ માહિતીઓ તથા કયા કાયદાના આધારે કરી તે કાયદાની સહી સિકકાવાળી નકલો મેળવવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રમુખશ્રી ન.ગો.કો. સ્ટોર્સલી ને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૯ તા.૨૭–૬–૧૧ થી અરજી તબદીલ કરેલ છે. તથા સીટી સર્વે સુપ્રિ.શ્રીને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.,૫૦૭ તા.૨–૭–૧૧ થી અરજી તબદીલ કરેલ છે તેવું જણાવેલ છે.

ઉપરોકત મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અમુક માહિતીનો પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૬–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૧ બારનીશી કલાર્ક લગ્ન જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ સુરતનાએ જિલ્લા રજીસ ટર સહકારી મંડળીઓ કચેરી સુરત જિલલા સેવાસદન–૨ એ બ્લોક પહેલા માળે અઠવા લાઈન્સ સુરત કોઈ માહિતી ન મળતા તેનો જવાબ બાકી હોવાથી. અપીલના મુદ્દા નં.૨ સીટી સર્વે સુપ્રિ.શ્રી નાનપુરા , બહુમાળી બિલ્ડીંગ એ બ્લોક સાતમા માળે સુરત ૩/૩૬૮૦ ના રૂા.૧૧૦/– ભરવા જણાવેલ પરંતુ રૂબરૂ જઈ ૩/૩૬૮૦ પૂર્વે યાદી તમામ માંગેલ છે તે મળેલ નથી. અપીલના મુદ્દા નં.૩ પ્રમુખશ્રી નવાપુરા કો.ઓ. સ્ટોર્સ લી.ના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૯ તા.૨૭–૬–૧૧ નો પણ કોઈ જવાબ આપેલ નથી. અપીલના મુદ્દા નં.૪ ટાઉન પ્લાનીંગ તથા શહેર વિકાસ ખાતાએ ૩/૩૬૮૦ ના મકાન સાથે પૂર્વ મકાનમાં આવવા જવા માટે ૧ થી ૩ માળની ગેલેરીઓ કયા વર્ષમાં બનાવી અને તેનો પ્લાન પાસ થયો હશે તેની માહિતી માંગવામાં આવેલ. આમ અરજદારને અત્રેના સત્તા મંડળ ઉપરાંત અન્ય સત્તા મંડળ પ્રમુખશ્રી ન.ગો.કો. સ્ટોર્સ લ. તથા સીટી સર્વે સુપ્રિ.શ્રી ની માહિતી અંગેની અપીલ પણ અત્રે કરેલ હોઈ અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૫ તા.૧૧–૮–૧૧ થી નિકટના સંકળાયેલ સત્તા

મંડળને અપીલ તબદીલ કરવામાં આવેલ. જયારે અત્રેના સત્તા મંડળને સ્પર્શતા મુદ્દાઓ અંગે બંને પક્ષકારોને આરટીઆઈ સેલ/૬૪૬ તા.૧૧–૮–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર પાસે અપીલ અરજીમાં S.M.C પ્રથમ અપીલ પૂરતુ અન્ય સત્તામંડળને તબદીલ થયેલ મુદ્દા સિવાય કયા મુદ્દા અંગે કઈ માહિતી બાબતે શી નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા જા.મા.અ. એ કરેલ પ્રસ્તાવ મુજબ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તેવું જણાવી અરજદારને તક આપવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી તેવી કોઈ વિગતો અપીલ તબકકે પૂરી પાડવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મુદ્દા નં.૫ અને ૭ માં નાણા ભરી દસ્તાવેજ નકલો મેળવવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારને મુદ્દા નં.૫ અને ૭ ની માંગેલ માહિતીની નકલો તા.૧૭–૮–૧૧ ના રોજ રૂબરૂમાં આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેમજ પ્રમુખ ન.ગ.કો. સ્ટોર્સ લી. ના તા.૨૯–૮–૧૧ ના પત્રમાં નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં. ૬૩૯ તા.૨૭–૬–૧૧ માં તેઓની સંસ્થાને આરટીઆઈ એકટ લાગુ પડતો નથી તેવું જણાવેલ છે. જે બાબતે અત્રેથી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર નં.આરટીઆઈ/આ.નં.૭૬૨ તા.૮–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી સી.ઝેડ/આરટીઆઈ/૬૯૮ તા.૨–૮–૧૧ ના સંદર્ભે અપીલ અરજીમાં અંશતઃ પ્રમુખ નવાપુરા, ગોલવાડ કો.ઓ. સ્ટોર્સ લીને તબદીલ કરતાં પ્રમુખશ્રી તરફથી આરટીઆઈ એકટ લાગુ પડતો નહીં હોવાનું જણાવેલ છે. જયારે અરજદારે અપીલમાં અપીલના મુદ્દા નં.૪ થી અપીલના મુદ્દા નં.૬ અંગેની વિગતો નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને રેકર્ડ ઉપર આધારીત માહિતી આપવાની હોય છે તેવું જણાવેલ છે. અભિપ્રાય આપવાનો થતો નથી આથી અરજદારને પ્લાન પાસ કરેલ ત્યારે કેમ બનાવેલ નહીં અને ત્રાહિત વ્યકિતના મકાન સાથે ગેલેરીઓ જોઈન્ટ કરવાનો હેતુ શું તેવી માહિતીની માંગણી આરટીઆઈ કાયદાની જોગવાઈ સાથે સુસંગત જણાતી નથી. આમ અત્રેના સત્તા મંડળ હેઠળની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે જ અપીલમાં જણાવ્યાનુસાર તેમણે જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીને તા.૧–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. તથા અપીલ કર્યાનું પણ જણાવેલ છે. ન.ગો.કો.સોસા.ના તેઓને કાયદા લાગુ પડતો નથી તેવા પ્રત્યુત્તર અંગે અરજદારે આરટીઆઈ કાયદાની કલમ–૨ (ડી) હેઠળ જાહેર સત્તા મંડળની વ્યાખ્યાને અનુલક્ષી જો તેમાં કોઈ સરકારી નિયંત્રણ કે ભંડોળ હોય તો તેવા ખાતાના જાહેર માહિતી અધિકારીને અરજી /અપીલ કરવી રહે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અત્રેના સત્તા મંડળ હેઠળની જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જયારે ન.ગો.કો. સોસા.ને સ્પર્શતી માહિતી અંગે જાહેર સત્તા મંડળની વ્યાખ્યાને અનુલક્ષી તેવા નિયંત્રણ અધિકારીને અરજી કે અપીલ કરવી રહે.

અરજદારે અપીલમાં જણાવેલ વિગત જોતાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાના મુદ્દા નં.૬ પૂરતો સમાવેશ કરેલ છે. જે અંગેની અરજદારની માહિતી માંગણી ઉપલબ્ધ દફતરી માહિતી સાથે સુસંગત જણાતી નથી. ત્રાહિતે કેમ એમ કરેલ નથી તેવી વિગતો જાહેર સત્તા મંડળના દફતરે હોઈ શકે નહીં તેથી તે અંગે કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર બહાલ રાખવામાં આવે છે અને અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વી.ડી.રાણા,